શ્રી

ખાસ

જાણીતી અને માનીતી
ાટક કંપનીનાં પ્રખ્યાત
કોમાંના ગાયનો, ગજ
વીગેરેનો સંગ્રહ

યાને

# ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

2

366



સને ૧૮૯૭ના ૨૫મા આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવી છે.

છપાવી પ્રસીદ્ધ કર્તા.

**શા૦ રતનલાલ માણેકલાલ કીનારીવાળા.**

ઠો. મોટા મંદિર

કીં૦ ૦—૪—૦

# સુચના.

આ બુકમાં ફોનોગ્રાફમાં ગવાતાં ગાયનોનો કેટલો ભાગ છપાવવામાં આવ્યો છે અને હવે પછી હમો જેમ જેમ વધુ ભાગ મેળવતા જઈશું, તેમ તેમ વધુ ગાયનો અમારા વાંચક વર્ગની સનમુખ રજુ કરીશું આબુક છ વવામાં મારો પ્રથમ પ્રયાસ હોવાને લીધે પ્રુફ વીગેરે ત સવામા ભુલો રહેલી હોય તો વાંચક વર્ગ દર ગુજર કરશો.

આ પછીની આવૃતીમાં જેમ બને તેમ સુધારો કરવામાં આવશે.

લી. પ્રસીદ્ધ કર્તા.

શ્રી

# ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

ઉર્ફે

## જાણીતી નાટક કંપનીનાં પ્રખ્યાત નાટકોમાંના ગાયનો, ગજલો વીગેરેનો સંગ્રહ.

પ્રથમાવૃતિ — શંવત ૧૯૬૮ — સને ૧૯૧૨,



(સર્વ હક સ્વાધીન.)

છપાવી પ્રસીદ્ધ કર્તા,

શા. રતનલાલ માણેકલાલ ઝીનારીવાળા.

ઠો૦ મોટા મંદિર—સુરત.

સુરત 'દેશી મિત્ર' એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં મગનલાલ ડીકાભાઇએ છાપી.

કીં૦ ૦—૪—૦

શ્રી

# ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

ઉર્ફે

જાણીતી નાટક કંપનીના પ્રખ્યાત નાટકોમાંના

ઉમદા ગાયનો, ગજલો, વિગેરે સંગ્રહ.

(૧)

(ગરબો)

(સતી દ્રઉપદી) શ્રી૦ દે૦ ના૦ સમાજ

હો કનઈયાજીરે અમને મોહન માયા લગાડી અલબેલા.
વનમાં વેણુ વગાડી અલબેલા............હો.
બંસીબટ પનઘટ નિકટ, ત્રટ યમુના યદુવીર,
નાચે નટવર નંદનાં હરી હળધરના વીર.
લીલી લવિંગલતા શોભતીરે..........
લીલાં વન વૃક્ષ વેલ વાડી સોહીરે, મારા વાલાજી
ચાલો સખી જઈએ ત્યાં જયાં વસે વૃજરાજ
નીર ભરતાં પ્રભુ મળે એક પંથ બે કાજ
રસીયાજી રાસ રમાડોરે અમને રસીયાજી રાસ રમાડો,
સમીરે સંધ્યાની આવી સરખી સાહેલી.
આનંદે અંગે પમાડોરે અમને રસીયાજી રાસ રમાડો
બનસીબટ સમ બટ નહી, નંદધામ સમ ધામ.
વૃંદાવન સમ વન નહી, કૃષ્ણ નામ સમ નામ.
કા'નાજીને માથે મણી જડયાં મોળીયાંરે, ... ... ...
તારાં મોળીયાંનો બડો બડો ઠાઠ ખમા, ખમા, રૂપાળા કાનને.
કા' નજીએ પીળાં પીતાંબર પેરીયાં, ... ... ... ...
કાનજીને કુંડલ હઈયે હાર, ખમા, ખમા, લટકાળા કાનને.
હો કનઈયાજીરે........

(૨)

(ઉત્તરા સ્વપ્ન) (સતી દ્રઉપદી) શ્રી. દે. ના. સ.

સખી સ્વપ્ન મહી મનમોહન મેં નીરખ્યા એકાન્ત વીવે શયને,
શરમાઇ રહી રતી નાથ મદે મુંખથી નહી કાંઇ બોલાવ અરે,
વિનવે અતિ વલ્લભ વ્હાલ ધરી નવ ઉત્તર મુખ અપાય જરી,
નીચું જોઇ રહી દ્રગ પ્રેમ ભરી ખણુતી પૃથ્વી નીજ પાય અરે,
કર સાહી રસીક રૂદે વળગ્યાં કરતાં બળશે ન થયાં અળગાં,
તુટી હાર ગયો એ રકાઝકમાં કસ કુંચળીની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વીખરાઇ અરે ગઇ દેહ ઢળી કરમાઇ અરે.
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે પણુ નાથ થયા ન
મનથી મન રીજ ગયું પીગળી જેમ સાકર દુધની સંગ ભળી,
કીધા ભોજન નાથની સાથ મળી, મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડીરે અચાનક નાથને અંગપડી.
સખી તે રજની, અને તેજ ઘડી રસીયો રીસલાવી, રિસાય અરે.
સજી શસ્ત્ર, શરીર શું અશ્વ ચેડી રણુજાય પિયું અરે હું થી લડી.
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીત નાથ, મનાવ અરે.

(૩)

(સતી દ્રૈ

ગોવીંદ ગુણુ, ગાવોરે નરનાર
ગીરધર શ્રીધર, શ્રી મુરલીધર.
નામથી નેહ લગાવો—હા નેહ લગાવોરે....નરનાર.
મારૂં તારૂં મીથ્યા માની, કૃષ્ણુ કૃષ્ણુ કહે જાવોરે. રે૦
અધમ ઉધારણુ ભવજળ તારણુ.
નિરભય નામથી નાવોરે ભવનામથી જાવોરે. રે૦

(૪)

(સતી દ્રોપદી) શ્રી. દે. ના. સ.

વા'રે લાલા મોહંન બંસીવાળા,
ઠગોછો શાંનેરે સલુણાં,
જાણી જાણી તમારી મેં ઠગાઇ,

પ્રીત બાંધી હવે હું પસ્તાઇ,
પસ્તાઇ પુરી કાના ઠગાઇ હું તો કાના,
રશ ભીના રંગીલા શામળા શામળીયા-વારે૦
શાને સતાવો વાત વાતે ઉડાવોરે,
મેં જાણ્યાં સરવે ચાળા અરે જાવો નંદલાલા,
વ્રજવાલા ગોવાળા છબીલા છોગાળા,-વારે૦

(૫)

(સતી દ્રઉપદી) શ્રી. દે. ના. શ.

શામળીયાજી કરજો મારી સહાયરે.
વ્હાલા ગરૂડે ચડીને વેલા આવજોરે.
સ્યામ શલુણા સુભદ્રાના વિરરે.
આ દીન બાળાની લાજ દયાળુ રાખજોરે.
છોગાળા છે વાત છેલી નથી કોઇ મારૂં બેલી,
વા'લા તુજ ગુણની ઘેલી દાસી દુઃખમાં ડુબેલી,
દુઃખની દાદરે ફરીયાદ અંતર લાવજોરે.
કૌરવકર્મ ચંડાળ દુઃશાશન નિર્દય અરે,
જોતાં પાંચ ભર્તાર પાપી પટકુળ તાણતો,
વા'રે આવોતે દયા દીલ લાવોને.
નાથ છું અનાથ નારી ભરૂસો છે ભુધર ભારી,
જેવી તેવી છું ત'મારી વા'લા દેશો ના વિશારી,
હેતે હળધરજી ના વીર આવી ઉગારજોરે,

(૬)

(યમ સાવીત્રી સંવાદ.) શ્રી. મો. આ. સુ. ના..(સુકન્યા સાવિત્રી)

યમ—શા માટે શ્રમ કરે સતી તુજ પતિ ભક્તિ સાચી. (૨)
હવે પુત્રી વળ તું પાછી, (૨)
સાવિત્રી—સજ્જન કેરા સાથમાં મેં ડગ ભરીયાં સાત;
મિત્ર ભાવે સુણજો હવે દીન વનિતાની વાત.
ધર્મ જે વેદ પુરાણો ભણીયો મુખ્ય ધર્મ ગ્રહસ્થાશ્રમ ગણીયો
પ્રાણ નાથ શું રહી વૃત્તિ રાચી, (૨)

વળું મહારાજ કયમ પાછી. (૨)
યમ—સુણી વિવેક ભરી મૃદુવાણી થયો પ્રસન્ન અતિમન શાણી.
સત્યવાનનાં જીવીત વિનાં કાંઇ ઇચ્છીત વરયાચી. (૨) હવે
સાવિત્રી—મહારાજ ! (મારા અંધ સાસુશ્વસુર આંખે દેખતા થાય.)
યમ—(તથાસ્તુ) ભાગ્ય વતી તું અતિ દુર આવી,
થાય કોશ મિથ્યા નવ ભાવી—શા માટે.
સાવિત્રી—પતિ સમીપ શ્રમ નહી જરી, જયાં જાયે મમ નાથ.
તપવૃત આપકૃપા વડે ત્યાં આવું તમ સાથ.......
સંગત સજ્જન તણી નથી સોંઘી મઇત્રી સંતપુરૂષની મોંઘી
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃતિ રાચી (૨)
વળું મહારાજ
યમ— અર્થ યુકત સંભાષણ તારૂં બુધ્ધીમાં વૃધ્ધી કરનારૂં
સત્યવાનના જીવીત વીના કાંઇ ઇચ્છીત વર યાચી —હવે
સાવિત્રી— "મહારાજ" (મારાં બુદ્ધિશાળી સસરાજીને પાછું રાજ્ય પ્રાપ્તી થાય),
યમ— ("તથાસ્તુ") ઉત્તમ વર એ આપ્યાં ભાવે,
હજી પ્રેમહા પુઠળ આવે—શા માટે
સાવીત્રી—સુપાત્ર જન કરતાં કદી સુપાત્રનું સન્માન,
સાધું તો દુશ્મન તણું પણ સાથે કલ્યાણ,
સતપુરૂષોની સમાન દ્રષ્ટી દયા તણી વરસાવે વૃષ્ટી,
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃત્તી રાચી, (૨) વળું—
યમ— શીતળ વચન સુધાસમ તારાં તૃષા તૃષાતુરની હરનારાં
સત્યવાનના જીવીત વીના કાંઇ ઇચ્છીત વર યાચી—હવે—
સાવીત્રી— "મહારાજ,! (મારા પિતાના કુળની વૃધ્ધી કરનાર મારે સો ભાઇ થાય,)
(તથાસ્તુ,) સાસરીયાનું માન વધાયુ",
પીયરતણું પણ કાજ સુધાયુ".—શા માટે
સાવીત્રી— પરદુઃખે દુખીયા બને દુખદ હૃદયે વિશ્રામ,
ભરૂસો તારે સંતનો ઠરવાનું શુભ ઠામ.
સ્વજન માંહી વીશ્વાસ નલાવે સજ્જનઘર પુછતું સહુ આવે
કૃપાનાથ મમપ્રાણનાથ શું રહી વૃત્તી રાચી (૨) વળું
યમ— મધુરાં નવીન વચન સંભળાવ્યાં અતીશય તે મારે મન ભાવ્યાં

સત્યવાનનાં જીવીત વીના કાંઇ ઇચ્છીત વરયાચી (૨) હવે
સાવિત્રી— "મહારાજ" (મને મારા સ્વામીથી ઔરસ સો પુત્રથાય,)
યમ—(તથાસ્તુ) ઘટે ન થાવું અતિવર લોભી,
તજી પૂઠ હવે જા અહીં થી ઉભી-શામાટે
સાવિત્રી—સ્વધર્મ વ્હાલો સાધુને જે ચુકે નવ લગાર,
સાંપ્રત ભુત ભવિષ્યની ગતિ તણાં આધાર,
સજ્જન ફરે ન આશા આપી બોલ્યું અબોલ્યું ન કરે કદાપિ
કૃપાનાથ મમ પ્રાણનાથ શું રહી વૃતિ રાચી (૨) વળી
યમ—અમુલ્ય તારાં વચન વિચારી વાધે તુજમાં ભકિત મારી,
ભગવતી છેલ્લું ઉત્તમ અનુપમ ઇચ્છિત વરયાચી (૨) હવે,
સાવિત્રી—પુત્ર તણું મુજને દીધું પ્રભુ આપે વરદાન,
જીવીત દાન દઇ જીવનને સત્ય કરો ભગવાન,

(૭)

મો. આ. ના. ક. (સુકન્યા સાવિત્રી)

ઉભી ઉભી જોઉં વ્હાલા તમારી વાટડી,
દેખી રૂપ હર્ષ ભરાય મારી છાતડી-ઉભી
દયા નિધિ દેવે આપી છે યુવાની,
નીરખી નગીના બનીશું દિવાની,
આનંદે ગાળીશું દિન રાતડી,-ઉભી,

(૮)

(સુકન્યા સાવિત્રી)

એ...રજની શરદની રળીયામણીરે,
રહી ખીલી રૂપાળી ચંદની, આકાશે રહી ખીલી,
એ.... વૃષ્ટિ વરસાવે અમૃત તણીરે.
રેલાવી ઉરમાંહી આનંદની હેલીરે રેલાવી.
એ...હરે નયણાં નિહાળી પ્રકાશ, (૨)
હર્ષ ઘેલાં હૈડાં કહે હાથ ઝાલ શ્વેતશી છવાંઇ (૨)
ચંદ્ર વિના સજની નહિં રજનીને શન્માન.
સજની શું સમજી કરો રજનીના ગુણગાન.

(૯)

(કન્યા સાવિત્રી)

હું નથી એવી ભોળી (૨) હવે તો હીરે-હું
પાવરધી થઇ પુરી મારી જોડ જડે ના ખોળી-હું,
નિત્ય કજીયા કંકાસ કરી ઘરમાં સળગાવું હોળી-હું.
"પ્રસંગ આવે પરખાશે બધ તું ગળ્યું કે ગોળી"
ભલે ભાયડો ભીખ માગે ખાંધે ભેરવે ઝોળી.
"આપણે તો બાઇ ઘીમાં ઝબોળી ખાઇએ ખીરને પોળી"

(૧૦)

(સુકન્યા સાવિત્રી)

લાગી લગન મને તારી ઓલલના-લાગી,
સુરપતિ મતિ શું વિસારી
સુંદરી શચિથી અધિક સુખ આપું (૨)
પટરાણી કરી સ્થાપું ઉથાપું ન વચન મનોહારી-ઓ.

૧૧

(સુકન્યા સાવિત્રી)

આવો આવો હું લેવરાવું લ્હાવો મારા સંસારનો
થયો આજ અનુભવ ભવપારનો
તમારા વિના વ્હાલુ નથી કોઇ મારે
તે માટે કરૂં પુંજા તમારી પેજારે
(આતે બાયડી કે શાયડી)
( શાયડી! શાયડી! શાયડી )
દીઠો માલ શું મફતીયો બજારનો
આ મારા સંસારનો-આવો આવો.

(૧૨)

(સુકન્યા સાવિત્ર)

ઓ સહિયર સુણો શિખામણ સારી.
સદા કરો સંગત જોઇ વિચારી-ઓ

કુસંગ કાજળ કોટડી કુસંગીનું મુખ શ્યામ.
દુર્જન કેરા સંગથી થાય નામ બદલામ
જડી જેને સોબત જગમાં નઠારી.
ગયું તે તો આ ભવ, પરભવ હારી.–એ

(૧૩)

(કંસ વધ)—શ્રી મો. આ. સુ. ના.

છેડ કીધી. છબીલે છેડ કીધી,
અરેરે ધુતારે, ઠગારે એ કપટી કાનુડે–છેડ
જળ ભરવા ગઈતી હું જમુનાજીને તીરે,
ભરી બેડું નીરે ધરી મારે શીરે, ચાલી ધીરે ધીરે
ઓય...ઓય...કાનુડે કેડ લીધી.
કેડ લીધી એ નફટે...નાનુડે પાલવડે મને પકડી.
હું છટકી ત્યાંથી દોટ દીધી......અરેરે.

(૧૪)

(કંસ વધ)—ગરબો,

જુમનાને તિરે જાદુવાલે, સખી બંસરી બજાવી—હાં. હાં.
નંદલાલે વાલે ચિત ચોરી મને બાવરી બનાવી
ભુલાવી મારું ભાન સાન કાન ગયો હાં હાં
મને મોરલીયે મોહ ઉપજાવી— જુમનાને.
સુંદર છબી જોઈ છેલની ઉપજી અંતર પ્રીત.
નટવર ગીરધર શ્યામમાં ચોટયું મારું ચીત.
નયન નેહે નચાવ્યાં વાલીડે સખી મુખ મલકાવી.
છુપી છુપી છબીલે કરી સાન મને લીધી લોભાવી.
ન ભાવે ખાનપાન નિંદ ન આવે હવે,
લગન લાલા એ પ્રેમની લગાવી.
વિરહ થકી વિંધાયલુ અંતર અતિ અકળાય.
અગળો રહયો અલબેલડો શું કરું સખી ઉપાય–જુમના.

(૧૫)

(કંસ વધ)

મુજને મારના સમશેર......વ્હાલા વિરતું,
મારી સંગ શું છે વેર......વદને વિરતું.

મીંઢળ જોઇ કર તું મ્હેર,
આશા ભરી જતી હું ઘેર......તક જો વિરતું
જો ઇશ્વર વસે ચોફેર,
ના કર કંસ કાળો કેર......ડરને વીરતું,

(૧૬)

( કંસ વધ )

કાનુડા તારી કામણુ કરનારી,
વ્રજમાં વાંસલડી વાગી,
મીઠી વળી મોહક મન વશ કરનારી—વ્રજમાં.
મનવશ કરનારી સ્વર સુણતાં લાગે સુખકારી;
હું ઘેલી, તમ વિણુ થઇ છું ગિરધારી—વ્રજમાં.

(૧૭)

( કંસ વધ )

અમને પાવન કરવાને, દીલના દુઃખડાં હરવાને—યોગી આવજો.
શાન્તી જળ મન ભરવાને—યોગી આવજો
મામા શખી મહારાજ—યોગી આવજો
દરશણુ દેવાને કાજ—યોગી આવજો.
ચરણુ કમળ નિશ દિન મુજ મંદિર અંદર ધરવાને,
કમળ વદનથી મનહર મધુર વચન ઉચરવાને,
શાન્તિ જળ મન ભરવાને--યોગી આવજો.

(૧૮)

( કંસ વધ )

વારો વારો કુંવરજી કાનુડો નોહાની તેને, નંદરાણી તમે વારજો,
માજી બાળક શું મ્હોડે ચડાવો.
સુત શામળીયાને શમજાવો......સમજાવો—વારો વારો.
ઘરમાં ઘુસીને ગોરસ ખાતો, તાવણને તડકો દે લાતો,
કહું શું વાતો ખુણે ભરાતો લાગ જોઇ છાનો છટકી જાતો—વા૦
વખત વિનાં વાછરડાં છોડે મટુકિયો દહીં દુધની ફોડે.
ચોથી રસોડે—તાવડી તોડે.
દોટ દઇ કાનો દડબડ દોડે.—શામળિયાને,

(૧૯)

( કંસ વધ )

રમીયે આનંદમાં હરિ સંગમાં, રહી રંગમાં,
બંસી નાદ સુણી સુતી જાગી નીંદ. બીક, ભાગી,
ભીંજી પ્રેમ રસમાં—રમીયે.
રૂડી ચાંદની પ્રકાશી શરદ પુનમની,
રંગે રાસ ખેલો સંગે સુંદર શ્યામની.
સુખદ સંગ શ્રી કૃષ્ણનો સુખદ શ્રી વ્રજ વન.
સુખદ શરદની ચાંદની સુખદ સફળ જીવન.—રમીયે.
આવી આજ કરમાંઠી નવલ કુસુમ કળી.
રહેજો લાલા ભારમાં રશના લેતા છળી
પ્રિતમ સ્પર્શ થતાં સમ્યું દેહતણું અભિમાન
વિસરી હું પોતાતણું, ગોવિંદમાં ગુલતાન
આવો આવો ને આજ રસ ઝીલીએ,
રંગે રમીયે મળ્યા મોહનજી
આશો ના અળગા ઘડી જગજીવનજી
રસી ઝીલીએ રંગે રમીયે મળ્યા મોહનજી—રમીયે.

(૨૦)

(સુરદાસે) વાંકા. ન. નો. ના. સ.

દાસપરે દયા લાવોરે, દયાળુ દેવા દાસ પરે દયા લાવો. (ટેક)
સંસાર સંબંધ તોડી, જીવ આપ ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવોરે—દયાળુ.
આંખો વિના સંકટ આવું, ખાડામાં ગોથા ખાઉં;
વારે અવિનાશી આવો આવોરે—દયાળુ.

(૨૧)

( સુરદાસ )

વિષય વાત મમ માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે.
ધર્મ વૃત્તિએ ધરણીધરનું ધ્યાન વૃતિથી ધરવા દે,
અધમપણાને અલગ રાખી ભંડાર ભક્તિના ભરવા દે,
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવાદે.
નાશવંત નર નામ છોડીને અક્ષય વરને વરવા દે.—વિષય.

(૨૨)

( સુરદાસ )

આ તારા વચનો સારાં સ્નેહે સાંભળતાં
શાન્તિ પામ્યું છે મન માહરૂં રે આજે—આ,
જગની જંજાળમાંથી બળતો બચાવ્યો જી
ધન્ય ગુરૂ ચિન્તામણી ધારૂં રે આજે.—આ.
ભક્તિ ભગવાન કેરી કરતાં હવે શાંજી
થવાનું ત્વરાએ શુભ તારૂં રે—શાણા
.........આ તારા............

(૨૩)

( સુરદાસ )

મેં ભવનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારાં
ઘટઘટમાં કરજો વાસ પ્રીતે પ્રભુજી પ્યારાં...ટેક.
વિઠ્ઠલ વ્હાલું બિરદ વિચારી, આ સેવકને લેજો ઉદ્ધારી,
વ્યાધિ વિદારી શરણે સ્વીકારી, ટાળો ટળો મુજ ત્રાસ રે...મેં૦
આંખ વિન અતિશય દુઃખી થાશે, જીંદગી આ શી રીતે જાશે.
થાશે હવે શું ગભરાવે હવે શું,
શાને બનો છો ઉદાસ રે......મેં ભવનો

(૨૪)

( સુરદાસ )

વ્હાલા વ્રજવાસી સાથે લાગીરે લગનીયાં માહરી મહારાજ
પ્યારી છબી શામળાની સ્થાપી ઘટઘટમાં મેં તો
એને હાથે છે મારી લાજ,
વૃંદાવનમાં ફરતા ધરતા વરતા...આ...વ્હાલા
હેડે નિત હેત ધારી બંધુ હળધરના હું તો
સેવું છોડીને બીજા કાજ.........વૃંદા......વ્હાલા.

(૨૫)

( સુરદાસ )

હું ભજન કરીશ હરિનું સદા મુખે—ભજન.
આ સંસાર આગ સમ લાગે મિથ્યા ફાંફા મારી હારી—ભ.
નહિં કોઇને કે'વા તમારી વાત આ બંધાઉ છું.

રાખો ભરૂસો હૃદયમાં હું દેવના સમ ખાઉં છું.
છોડો ક્ષમા લાવી મને ઝટ અહીંથી જાવા દીયો,
સંતો તણા સહવાસમાં ગુણ કૃષ્ણના ગાવા દીયો.

(૨૬)

( સુરદાસ )

અરે રંગ જે લાગ્યો તે લાગો,
શિદ સોવો ફરી જે જાગ્યો...ટેક.
હંસોની ગતિ હંસો જાણે કાગ ન કાંઇ પિછાણે,
ઘાવ રહિત ઘાયલ ગતિને જગમાં કયાંથી જાણે......અરે.
દરદી વિણ દરદીની દશાને લક્ષે કોઇ ન લાવે,
સુરતી જનોને રંગ ઉતરે, અચિંત ઉપાધિ આવ્યે...અરે.

(૨૭)

(સુરદાસ)

હાંરે મેરે રંગીલે યાર ખીલી કયસી, બાલે જોબનકી બહાર,
હારે મેરે બાલે જોબનકી બહાર પૈસે બીના,
કયસે કરૂં કહો પ્યાર દેદો થેલી મેરે દિવાને દિલદાર...મેરે
થેલીમે કયસે દુપ્યાર નવલી એહ હે જીવનકા આધાર
થેલી છુપાના ચેમન ઉડાના, હોતાન બર સો હજાર,
લો એ થેલી માસુક મેરે મજેદાર-
આઇયે મેતો જાતીહું હોકે હુંશીયાર...મેરે

(૨૮)

[ સુરદાશ ]

બોલું કયા–મેરે પ્યારેકી બતિયાં બોલુ કયા મેરી છોટીસી છતિયાં–ટેક
નખરિ ચેન ધરિરેન ચુમિ ચુમિ
બદન શયનમે દુઃખી કર ડારી
પકરી જુગલકર બસન અલગકર
કિય પર હરી ડર છત અધર ન પર–બોલું

(સાખી)

મરોરે ડારે જોરસો મેરે કોમલ અંગ.
એસે નિરદય નાથકો સુપને કરૂં ન સંગ...બોલું

(સાખી)

ત્રાંસ બઢયો તનમેં અતી હીયડો ધટચો કુલાસ.
એસો જોમેં જાનતી તો જાતન પીયુકી પાસ—બોહુ

(૨૯)

(સુરદાસ.)

સેવકની અરજી સુણી ધીરા વગર વિલંબે ધાઓ,
દયા દીનપર દીન દયાળુ લાલ ઉમંગે લાઓ
વૃજવલ્લભ છો મુજને વ્હાલા,
કિંકર હું કરૂં કાલાવાલા......આ બાળકને બચાવો,......સેવક
કરો સજીવન સ્નેહ ધરીને મદન મોહન પ્રભુ મારા
નિરાધાર નારીના દુખને નટવર કરજો ન્યારા,
અવિનાશી આધાર તમારો;
અવર કોણુ છે કહો અમારો પરચો નાથ બતાવો.

(૩૦)

(સુરદાસ.)

દેખો દેખો, મેરા નામ માયા મહાન મશહુરહે,
મેરા ન્યારા હી આલમમેં નૂર હૈ,
જાગી ભોગીકું મેરી જરૂર હૈ.
દીલ મેંવું રહે નકોઇ મુજસે દુર રહે.
વાહ વાહજી વાહ વાહજી......દેખો દેખો,

(૩૧)

(સૌભાગ્ય સુન્દરી)

ચાલો સાહેલી (૨) ભુવનેશ્વરીનાં સૌ મળીને દરશન કરીયે.
દુઃખ હરનારી સુખ કરનારી મૂર્તી માની અંતર ધરીયે,
ભાવ ધરી જો પુંજન કરીયે તો ભવ સિંધુથી તરીએ.
સુવા ચંદન કુમકુમ કેશર અરચન કરીને મન ઠરીએ રે,
અબીલ ગુલાલને પુંષ્પ માળથી માને વધાવી મંદીર ભરીયે. ચાલો—

(૩૨)

(સઊ

પ્હેરી ચોળી લટકા મટકાં કરતાં આવ્યાં
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં
ઝાંઝરનારે ઝણુકારે કર કંકણુનાં ખડખડાટે,
કાજળથી નેત્ર દીપાવ્યાં ... ... ... પહેરી
હવે શરમાનો ઠાલા શાને દીયરજી મારા
બોલો બોલો બોલોજી બોલો........
મેં કેવાં તમારાં નખરાં તો જાણ્યાં......પહેરી

(૩૩)

(સૌભાગ્ય સુંદરી)

મારા તનમાં મનમાં ભર્યો છે ઠર્યો છે ભય જાઉં જગ જોતી.
વળી ગુમાવ્યું મે ભાગતાં ભાગતાં નખવેસરનું મોતી -મારા
હાલવું ચાલવું હારીછું હાય.........જીવ મારો ગભરાય
કેદી ફરી મારૂં મળશે મોતી
ગોરી હું કાઢીશ ગોતી-મારા.

(૩૪

(સૌભાગ્ય સુંદરી

ધીમા ધીમા ચાલોને રે મારા પ્રાણુરે,
પગ.નાજુક તમારા આ મચકાઇ જાશે કમર લચકાઇ જાશે.
ઓ સુજાણુરે-ધીમાં

નાજુક વેલી પુલસમી કોમળ આ તુજ કાય.
ધડકે છાતી શ્વાસથી એ ચંચળથી ઓળખાય.

પરસેવાનાં બીંદુ આ બાઝયા મુખે,
મુખ રાતુ થયુ થાક અતિ દુખે,
આ છાતીપરે લ્યો વિશ્રામો સુખે, ઓ સુજાણુરે—ધીમા.

(૩૫)

(સૌભાગ્ય સુંદરી

અરે કોઇ આવો પ્રિયાને મનાવો,
મારૂં દીલડું ચીરી ખોલી બતાવો-અરે

(સાખી),

તારે મન હું તુચ્છ છું તું મારે મન પ્રાણ.
મને તપતીને નહિં તપાવો–લાગી અગન બુઝાવો,
બોલાવો...લોભાવો...પ્રાણ પ્રિયા રીઝાવો–મારૂં

(૩૬)

(ઉદય ભાણ)

મન માયા ના કરનારારે જરી જો ને તપાસી તારી કાયા,
પુછી જોને તું પંડિત પુરાણારે કોના અમર છે લેખ લખાણા.
કાચી છે કાયા આ માટીની માયા છે માટીના લેખ બનાયા,
શાણા તો શમજી અલગ થયા પણ બાળક બિચારા લપટાયા.
લાખોની પાંખો ગઇ છે પીંખાઇ જેણે મૂછપર લીંબુ ઠરાયા.
કાળનો કોવાડાથી કોણ બચ્યું ભલે રંક ભલે હોય મહા રાયા.
સંધ્યાના જેવાં રંગ સોનેરી વધ્યાને લાડ લડાયા,
જોબનને તન ધન તેવાં સમજતાં પાણીમાના પડછાંયા.

(૩૭)

(ઉદય ભાણ)

બોલો મારાં પ્રેમી પોપટજી, બોલો બોલો બોલો મેના બોલાવે;
ડોલો રંગ રથીયાજી ડોલો, જરી ડોલો ડોલો (૨) પ્યારી ડોલાવે.
મેના તારા વચનની વેણા વાગી.
લાગી લાગી લલિત લેહ લાગી;
મેના વ્હાલી મેના કે ના કહે પણ જાગી,
જાગી જાગી અજબ જયોત જાગી.
પેહલાં પોપટજી પ્યારાં રામજી સંભારો.
વ્હા વ્હા મેના શું સતિ સીતા વિસારો;
ચતુર સુજાણ સીતા રામ ઉચરાવે,
પોપટજી પાંજરૂં સોનાનું શજાવું,
લાડલી હું લાલચું નથી કે લલચાવું.
સોને રૂપે ભીડ શી ભીતરની ભાગી—લાગી,
રૂડા સુડાંને રંગે રંગે રમાડું પાંખે ધાલીને ફળ મીઠાં ખવાડું;
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના ભુલાવે—બોલો.

(૩૮)

(ઉદય ભાણુ)

અહો દીલદાર જરી દેદાર દિવાને દેખાડોને
અરે લટકી અધર લટકી ગરૂં પટકી છગર પટકો
અરે આધાર સુધાર સંસાર ચતુરાને ચખાડોને
મુખે અટકી મધુર મટકી અરે છટકી અધર છટકી
દિલની થાપણ ઓળવી ગટે ન કરવી ઘાત,
પ્રાણ કહો તો પાઠવું વાલમ કરવા વાત.

(૩૯)

(ઉદયભાણ.)

પંથી પરદેશી ચિત સોંપી, હું આ ચા……લી.
મનને ભાવે તે કરજો હે પુન્ય શા……લી,

સાખી

તરસ્યાને ટીંગાવવા પડદે રાખી પ્રીત.
પુછું પ્રવીણ પંથીએ કોણગામની રીત,
શુભ શંદેશા લઇ શંચરજો હું આ ચા……લી,

(સાખી)

મહા મહિનાનું માગું જંગલ મંગળ ગીત,
સમય વિનાનું બોલવું ત્રણેની એક રીત.
વ્હેલાં મંડપ માહી મળજો હું આ ચા……લી,

(૪૦)

(સતી પાર્વતી)

મુનીવર ક્યાં આ ગળે છે શ્રી શિવશંકર વર વરવા,
હોંશ ઘણી છે એને હાથે ત્રિલોચન કર ધરવા.
એ હે શું બોલો છો બાળા પતિ પરખમાં પુણ અજાણ.
ભંગી જંગી એ ભોળાથી તારૂં શું થવાનું કલ્યાણ.
ક્યાં રાહુ ને ચંન્દ્ર ચારૂ ક્યાં રત્નસાથ નવશોભે પ્હાણ,
ડુંગર ખોદે ઉંદર કાજે ધન્ય ધન્ય છે તારૂં જ્ઞાન.
રૂડાં કે ભુંડા શિવજી ને પામ્યે થવાની લીલા લ્હેર,
પરહરી અમૃત શીદ ને શાણી જાણીને ઘોળે છે ઝેર.

એર ઝેરકે અમૃત છે એ કથા તમારે શી તેની.
મનહર મળતાં મંગળ માળા બાળા મન માને એની.
કાણો કુબડો પણ મન માન્યો સુંદરીઓ સમજે સુર રાય,
પ્રીત પુષ્પની મધુર સુગંધી જડ જોગીથી શું શમજાય.

(૪૧)

(વીણા વેલી)

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ,
રહારો ત્યાં લગી જાણજે જ્યાં લગી સ્વાસો સ્વાસ,
સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઇએ
રાખે જેવી રીતે રામ રંગે તેવી રીતે રહીએ
પીપળ પાન ખરંતા હસ્તી કુંપળીયા,
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા.
નહી જેવી ને તેવી નિત્ય કોઇની નભતી જોઇએ
દશાના ઢંગ ઋતુના રંગ જેવા દેખી લઇએ......સદા૦
કદી મેહેલો તો માળીયાં કો દીન છપ્પર ખાટ
કોઇ દીન એવો આવશે ભુખ્યા ન મળે ભાત—સદા

૪૨)

(વીણા વેલી)

અરે શું માનવનો અભીમાન પલકમાં ટળી જશેરે
ખરે જેમ પીપળ ઉપર પાન પલકમાં ખરી જશેરે
પલકમાં ખરી જશેરે માટીમાં મળી જશેરે......ખરે
ઘડી જીવતરમાં ઘડી એક સુખનીઆ............અરે નથી
મુઢ મમતમાં તોયે મરતાં આખાં..............અરે નથી
પામર નર નાદાન..............અરે શું
કાયા કલેવર કારમો છે ગંદકીનો ધાડવો
સમજુ જને સમજી જઇ અભીમાનને વણુસાડવો
અભીમાન ફણીધરને નહી દુધ પાઇને પેધાડવો
રાવણ સરીખા માનવીએ લીધો નથી કાંઇ લાડવો—અરે શું

(૪૩)

વેલી)

પ્યારે તોરે અંગનમે ફુલનકી બહાર હે
સંધ્યા તોરે અંગનમેં ફુલનકી બહાર હે
ફુલનકે બાજુબંદ ફુલનકે ગજરે
ઔર સોહે ફુલનકા ગલે હાર હે............પ્યારે-
પ્યારા કમળ ઔર ચેહેરા ગુલાબ હય
ગોરે ગોરે ગાલ સંધ્યા ગુને અનાર હય.........પ્યારે

(૪૪)

( મીરાંબાઇ )

તું તારા બિરુદ સામું જોઇ લે શામળીયા,
ના જોઇશ કરણી હમારી જે રે...વ્હાલા તું તારા
ગજબે કારણ વામા પેદલ ધાયા,
દ્રોપદીના વસ્ત્ર વધાર્યાં રે...વાલા તું તારા,
ટીંટોડીના વ્હાલા બાળ ઉગાર્યાં
પાળ ભુપત જગરાયારે વ્હાલા..... તુ તારા

(૪૫)

( મીરાંબાઇ )

મીરાંને પૂર્વ જનમની છે પ્રીતરે,
મીરાંને હૈડે લખાણા હરીના હેતેરે નામ
નહિરે છોડે હોજી...મીરાં
રાણાજીએ આપીયો ભુતડાં ભેળો વાસ.
ભુત પ્રેત ભાગી ગયાંરે મીરાંને
ઇન્દ્ર ભુવન થયો અવાસરે......મીરાં
વિખના પ્યાલા મોકલ્યાં દેજો મીરાને હાથ
અમૃત કરી આરોગીયારે મીરાંને
રાખણુ હારો રઘુનાથરે...મીરાં
રાણે વિષ ધર મોકલ્યો દેજો મીરાંને જઇ
પુંજી મીરાએ પ્રેમથી મુર્તિ શાળીગરામ બીતો થઇ

રાણે રજા આપી પછી કાઢી ગણીને કાસ
મીરાં ચાલ્યાં મ્હાલતાંરે
બાઈને બાળ્યો છે વ્રજનો વાસરે...મીરાં

(૪૬)

[ મીરાંબાઇ ]

ઉઠ બાઇ તું બેઠો થા શું સુતો સોડ તાણીરે સમર રામનેજી
નામ નાવ છે ભવાબ્ધી તરવા ભજને સારંગ પારણીરે
વિસર કામનેજી........................................ઉઠબાઇ
મારાં મારાં શું કરે સુતવીત દારા ગેટ.
ભજન હરિનું જુગમાં દુર્લભ પામી દેહ
મુરખ મનવા મોટપ માની માંયા માંહી મોહ મારે
મરણુ માથેછેજી...
ઉ-તમ અવશર આજે આવ્યો ખોટા જાણીઓમાં હીરો હાથછેજી

(૪૭)

(મીરાંબાઇ)

સરપર ગાગર ધરકર ગજ ગામની હય હલાતી આવે
બોલીસી ભામની ધુતી દામની પ્રીયકામની ગજ ગામની-હય
હસ હસ જુમી પાયદેવે નભ નીચે લાયદેવે
મુખસે કછું ગાયદેવે અમૃત બર સાયદેવે,
નિસી અંધીયારી ભારીમેં દુતીદામની પ્રીયકામની,
ગજગામની......હાથહલાતી આવે......સરપર,

(૪૮)

(ભજન પદ)

નાથ કૈસો ગજકો બંધ છોડાયો એહી અચરજ મોહે આયો,
ગજ ઓર ગ્રાહ લડત જળભિતર લડંત લડત ગજહાર્યો,
જવપુર સુંઢરહી જળ ઉપર તબ હરીનામ પોકારયો...નાથ
સવરીકે બોર સુદામાકે તાંદુલ રૂચી રૂચી ભોગલગાવો,
દુરજોધનકે મેવો છિતાગ્યો ભાજી વિદુર ઘર પાયો...નાથ
પેઠ પાતાળ કાળીનાગ નાથ્યો ફેણુપર નૃત્ય કરાયો,

ગીરીગોવરધન કરપર ધરાયો નંદઘર લાલ કહેવાયો...નાથ
અગાસુર માર્યો બગાસુર માર્યો દાવાનળ પાનકરાયો
સ્થંભ ફોડી હીરણ્યકક્ષ માર્યો નરસંગ નામ ધરાયો...નાથ
અજામેલ ગજ ગુણુકા તારી દ્રાૈપદીકો ચીરબતાયો,
પય પાન કરતાં પુતના મારી કુબજાકો રૂપ બનાયો...નાથ
ખોલ કોટડી પાવદલ ગરૂડકો નીજ સંતાયો
છુટે નહી રાધાજીકો બંધન ઓ બલ કીંહારે છુપાયો...નાથ
જોગી જાકો ધ્યાન ધરત ધ્યાન ધરતહે તહી આયો
સુરદાસ પ્રભુ તુમ્હારે મીલન જશોદાકી ધેન ચરાયો...નાથ

(૪૯)

॥ કીરતન ॥

મુખડાં કયા દેખો દરપનમેં. તેરે દયા ધર્મ નહિં મનમેં.—મુ૦
જેશી ફુલ રહે ફુલવાડા બાસ રહિ નીજ ફુલમેં
એક દીન એસી હો જાયગી, ખાક ઉડેગી તનમેં—મુ૦
ચુવા ચંન્દન અબીર અગરની શોભે ગોરે તનમેં
ધન જોબન દો ઘડીકા સાથી છળ જાવેગા ક્ષણુમેં—મુ૦
કડવી કડવી માયા જોડી સુરત રહેનીજ ધનમેં
દશ દરવાજા બંધ રહેતો રહે ગઇ સબકી મનમેં—મુ૦
વાસનકી નાવ લગાઇ લે ચલે. જંગમે
ધરમી ધરમી પાર ઉન્તર ગયે પાપી ડુબે જગતમે—મુ૦
કહત કબીરા સુનભાઇ સાધુ એ કથા લગરહે મનમે—મુ૦

(૫૦)

(નાગદમણુ–રાગ પ્રભાત)

જળ કમળ છાંડી જા બાળા, સ્વામી હમારો જાગશે.
જાગશે તુંને મારશે.........મુને બાળ હત્યા લાગશે......જળ ટેક.
કહેરે બાળક તું મારગ ભુલ્યો કે તારાં વેરીઓ વળાવીયે,
નિશ્ચય તારો કાળજ ખુટયો અહિંયા તે શીદ આવીયો...જળ
નથી નાગણુ હું મારગ ભુલ્યો નથિ મારા વેરિએ વળાવીયો,

મથુરા નગરીમાં જુગટું રમતાં નાગનું શીશ-હારીયો......જળ
રંગે રૂડો રૂપે પુરો દીસે કોડીલા કોડામણો.
તારી માતાએ કેટલાં જનમ્યા તેમાં તું અળખામણો......જળ
મારી માતાએ બેહું જનમ્યા તેમાં હું નટવર નાંનડો
જગાડ તારાં નાગને મારૂં નામ કૃષ્ણ કાળીયો......જળ
લાખ સવાનો મોરો હાર આપું આપુંરે તુંજને દોરીઓ.
એટલું મારાં નાગથી છાનું, આપું તુજને ચોરીયે......જળ
શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારો દોરીયો.
શાને કાજે નાગણ તારે, કરવી ઘરમાં ચોરીયો......જળ
ચરણ ચાંપી મૂછ મરડી નાગણે નાગ જગાડીયો.
ઉઠોરે બળવંત કોઇ બારણે......બાળક આવીયો......જળ
ભી બીય સાથે વળીયા કૃષ્ણે કાળીનાગ નાથીયો
સહસ્ર ફેણાં ફુંકવે જેમ ગગન ગાજે હાથીયો......જળ
નાગણ સો વિલાપ કરે જે નાગને બહુ દુઃખ આપશે
મથુરા નગરીમાં લઇ જઇ પછી નાગનું શીશ કાપશે......જળ
બે કરજોડી વિનવે સ્વામી મુકો હમારાં કંથને.
અમે અપરાધી કાંઇ ન સમજ્યા ન ઓળખ્યાં ભગવંતને......જળ
થાળ ભરી શગ મોતીએ. શ્રી કૃષ્ણને વધાવિયા.
નરસૈંયાના નાથ પાસેથી નાગણે નાગ છોડાવિયો......જળ

## (૫૧)

### (ભજન રાગ ઠુમરી)

નાથ તુમતો જાનતહો સબ ઘટકી મીરાં ભકિત કરે પ્રગટકી.. ટેક
ધ્યાન ધરી મીરાં મનમે સંભારે પુંજાકરે અટપટકી,
શાલિગરામકુ ચંદન ચડાવત ભાલતિલલ બીંદુ અટકી...નાથ,
રામ મંદીર મેં મીરાં નાચે તાલ પડે જેસો ચટકી,
પાંઉમે નેપુર રૂમઝુમ નાચે લાજ સંભારે ઘું ઘટકી...નાથ.
ઝેરના કટોરાં રાણાજીએ મોકલ્યા સાધુ સંગત મીરાં અટકી.
લે ચરણામૃત મીરાંને પીના હોગઇ અમૃતકી વટકી...નાથ,
સુરત દોરપર મીરાં નાચે શિરપે ઘડા ઉપર મટકી,
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ સુરતી લગી જેસે નટકી...નાથ,

(૫૨)

(પદ રાગ પ્રભાત.)

ઉઠ પ્રભાત સમરીયે શ્રીગણેશ દેવા,
માતા જાનકી પાર્વતી પિતા શંભુ દેવા...ઉઠ, ટેક.
એક દંત દયાવંત ચાર ભુજ ધારી,
મળશકે સિંદુર સોહે મુશકકી અશવારી...ઉઠ,
અડનેકુ પાન ખાનેકુ મેવા,
શકળ સૃષ્ટી બ્રમ કુંકટત શંકર મહાદેવા...ઉઠ,
સંગ સિદ્ધી બુધી નહી ચમર નિત્ય કરે,
વાકો નામ નિત્ય લીજે વિગ્ન સરવ હરે...ઉઠ,
કનક થાલ મુકત માલ જાન સહુ વારી,
તાન શેન ગજાનંદ ગાવત શુખકારી...ઉઠ,

(૫૩)

(ભજન) (નરશીંહ મેતા.)

હવે મને હરી નામથી નેહ લાગ્યો (૨)
ભાગી ભીડ ભવનો ભય ભાંગ્યો......હવે.(૨)
માયા મંદિર મારાં મનાથી મેં મુકયાંને ઈંદ્રીની ઓળખાણ મુકી,(૨)
હેમ હીરાથી હાર મઢેલા જે પર ચાલ્યો થુંકી રે......હવે,
કોનાં સુત તાન કોનાં માતને ભ્રાત શરવે સ્વારથનાં
સગપણુ રાખે,
પ્રાણુ ગયાં પછી પાસે ન આવે કોઇ કાઢો કાઢો મુખ ભાખેરે...હવે,

[ ૫૪ ]

રાગ કોસ (નરસીંહમેતો)

વાલાવેગે આવોરે, દયાદિલે લાવોરે, બીડું મારી ભાંગવાકોજી
નહીં આવોતો છાના ઉઘાડું બધા છીદ્ર.........વાલા,
આહેરડામાં ઉછર્યાં ગોવાયાળીમાં વાસ
કાંધે કાળી કામળી માગી પીતા છાશ

માતા કેદ્દ મુકીયાં પુરો મારી આશ,
.....................હું રાખું તમથી હાવોરે...બીકું
એ માના બે બાપના નકટા નિર્લજ બાળ
અહીં માખણના ચોરટાં કંસ તણા હે કાળ,
સોડ તજો રાધા તણી દુરિજન આપે આળ
ધીરા વેગે ધાવોરે.......................બીકું

( ૫૫ )

પ્રભાત રાગ સામગ્રી

પઢોરે પોપટ રાજા રામના સતી સીતા પઢાવે...પઢોરે
પાસે બંધાવી પાંજરૂં મુખે રામ જપાવે
પોપટ તારે કારણે લીલા વાંસ વઢાવું, પઢોરે
તેનું ઘડાવું પોપટ પાંજરૂં હીરા રતને જડાવું
સાકરનાં કરી ચુરમાં ઉપર ઘી પીરસાવું પઢોરે
પાંખ પીળીને પગ પાડુંરા કોટે કાંઠલો કાળો
નરશઇના સ્વામીને ભજો રાગતાણી રૂપાળો પઢોરે

[ ૫૬ ]

પદ રાગ પ્રભાત

જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળીયા, તુજ વીના ધેનમાં કોણ જાશે;
ત્રણસેંને શાઠ ગોવાળ ટોળે મળ્યા વડો રે ગોવાળીયો કોણ થાશે
જાગ્ય
દહિં તણાં દહીંથરાં ઘી તણાં ઘેબરાં કઢિયેલા દુધ તે કોણ પીશે.
હરી તારો હાથીયો કાળીનાગ નાથીયો ભુમીનો ભાર તે કોણ લેશે
જાગ્ય
જમુનાને તીરે ગૌધેન ચરાવતાં મધુરી સી મુરલી કોણ વાસે;
ભણે નરસૈંયો તારા ગુણ ગાઇ રીઝીએ બુડા તાંબવડી કોણ સહાસે
જાગ્ય

(૫૭)

## નરસીંહ મેહેતાની હુંડી (જ્ઞાન ઉપદેશ)

નરસીંહ મહેતા ભગત હરીનાં જુનાધઢના રેહેવાશી
હુંડી કરાવવા આવ્યા ગામમાં ચાર જણા તીરથવાસી.........ટેક
આવી ગામમાં પુછવા લાગ્યાં મોટા મોટા શેઠ શાહુકારને
સાતસે એક રૂપીઆની હુંડી દવારીકાની આપો હમને
સર્વ મળી મનસુબો કીધો મોકલ્યા મેતા નરસંઇયા કને
તે તમારી હુંડી સ્વીકારે લાગ્યા મશ્કરી કરવાને

ઝુલ ૧

નરસીંહ મહેતાને ઘેર આવ્યા ચાલી બેસાડયાછે આસન આપી
મહેતા વાત પુછેછે પહેલાં કયાંથી આવ્યા કયાં જાઓછો ચાલી
અમે નીકળ્યા તીરથ કરવા દવારીકાથી જાશું કાશી.........હુંડી

લાવણી

હળવે રહીને કહે પરદેશી મહેતા વાત મારી સાંભળો
ઘેર તમારે રૂપીયા ભરીયે તેની હુંડી કરી આવો
સાતસે એક સુરતી સકકાના થેલી લઇ ઘરમાં મુકો
કાગળ કટકો લખી આપો તેપર હુંડી કરી આપો

ઝુલ ૨

મહેતા ચઇને પત્ર લખે છે સુરજની માંહી સાખ કરે છે
શામળશાનું નામ ધરે છે આપશો તો મહારી લજ્યા રહેશે
કાગળનો કટકો લખી આપ્યો ત્યાંથી ચાલ્યા પરદેશી.... ..હુંડી

લાવણી

પરદેશીને પંથ વળાવી મહેતા વાત પુછે સહુને
આ ધનને આપણે શું કરીએ ખવરાવીદો સંત સાધુને
ઘી ખાંડને લોટ મંગાવ્યો લાગ્યા રસોઇ કરવાને
ભાવતાં ભોજન આપે બનાવ્યાં થાળ ધર્યાં ભગવાનને

ઝુલ ૩

સો એક સાધુ મયાં એકઠાં ફેંકી દીધા સઉના એંઠાં

મહેતા હતા તેવા થઇ બેઠા નાહી ધોઈ મંદીરમાં પેઠા
હાથ જોડી અરજ કરૂં મારી લજયા રાખજો અવીનાશી...હુંડી

લાવણી

હવે વાત કહું પરદેશીની જઈ નીકળ્યા દ્વારીકાની માંહી
મોટા શાહુકારને પુછે શામળશાહની પેઢી કયાંહી
આતો નગરમાં નથી શામળશા ઘેલા થયા કે અક્કલ ગઇ
તેમ તેમ મોટી ફાળ પડે પેટમાં રૂપીયા મળશે કે નહી

ઝુલ ૪

ખોળા ખોળી કરે નગરમાં નથી આવતું કોઇ નજરમા
ઠગ મળયો એક જુનાગઢમાં ખોટી ચીઠ્ઠી લખી આપી હાથમાં
હાથ કપાળે દઇને બેઠાં ચારે જણા થયા ઉદાશી...હુંડી

લાવણી

નરશીં મહેતાનું વચન રાખવા શામળશા રૂપીયા લાવ્યા
સામાસામી થયા એકઠા પરદેશી કયાંથી આવ્યા
અમે નીકલ્યા તીરથ કરવા જુનાગઢ રૂપીયાભરી આવ્યા
ખોટી ચીઠ્ઠી લખીઆપી હાથમાં શામળશાને બતલાવ્યા

ઝુલ ૫

અમે છુએ નરશીંહ મહેતાના સો રૂપીયા સુરતી સિક્કાના
નથી મેલા છે કોરા કડકડતા તમારા રૂપીયા ખરી મહેનતના
સાતસેં રૂપીયા ગણીઆપ્યા ચારે જણા થયા ખુશી

લાવણી

શામળશા જોગોપાળ કરેછે રૂપીયા તમારા શંભાળજો
ભરી પુરી પામ્યા રૂપીયા મહેતાજીને જય કહેજો
મંછારામ સતગુરને ચરણે સાચા ગુરૂને શમરજો

ઝુલ ૬

ભક્ત આધીન ભગવાન જોવા મળ્યા નરસીંહ મહેતાને
મંછારામ તમારે શરણે હાથ જોડકર કહેતા હે
હાથ જોડકર કરૂં વીનતી કાશીગામકા રહેવાશી
હુંડી કરાવવાં આવ્યાં ગામમાં ચાર જણા તીરથવાશી

(૫૮)

(ખુબસુરતબલા)

રબકી શાન ન્યારી ન્યારી બલહારી
તોરી કટાની ધરધર માની જાની,
ચકતાઇ ચઝરાઈ પ્યારી પ્યારી સારી—રબકી
હય જહાનમે યેહ કામ કરના ને કીયે
બંદો કા ધ્યાન ધરના
ક્રોધ કામસે મુદામડરના
હવસ કપટ કરત ફિકરત છલટી મારી દુનિયા સારી
બદકારી નરનારી હય પ્યારી.........રબકી

(૫૯)

(ખુબસુરતબલા)

હારે ગોલી ચાલો નઠારો અકેલી અલબેલી
દેખો બારાસા જોબન લુટે ન કોઉ સહેલી અલબેલી
સખીરી મંધારી મંધારી મંધારી
મોહે ન સતાવો અયજાવો
કાહે રંગી મોસે પ્યારી નેહા લગાયા બતાવો
જાઓ અબન બોલુંગી તુમસે ગુઇઆં રાર મચાવો
ગઇ દાબ જાન સખીયાં કરકે છાત કહે લુપાત,
મનકીબાત ભેદ કહત હય મોટની અખીયાં—ચાલો

(૬૦)

(ખુબસુરત બલા)

દેખો યારો કયા જકમારા બીબી અયશી લાઓ
કે જીસને આતેહી મેરા દિલકા ફુકવાવે
યારોકે સાથ હોટલમેં ચંપિ બકી બોટલ ખુલવાઓ
ઔર પ્હાતો બીસ્તર બેરસલ્લા ડબ્બા ગુલ હોજાવેં.
બીબે જીરકો જોરૂ અયસી વોહ બહાર દેખે કયશી
લાબનત ભેજો યારો સપશી જોરૂકી અયશી તયશી
કોઇ આવે શાઇકલ લેકર ઔર કોઇ લાવે મોટરકાર

મીંયાતો ઘરકી ખાય હવા ઔર બીબી જાયે બ્હાર
ગયેરેકી લેકર હાથ બગલમેં ફીરતી હય બઝાર
અયશી ફેસનેબલ ઔરતપર હો ખુદાકી માર
ભટકે વોહ રાતકો નાટક ફાટકમે ઉન્તજ લુંખ
મીયા રોકે તો બીબી કહેતી હય બીકવા યટ ચુકુંમ
દેખો યારો હા તુમબી ન કરના અયશી ભુલ
વર્ના તુમ્હારા યેહ કર હોવીગી ડબ્બા ગુલ

( ૬૧ )

(ખુબસુરત બલા)

ચલે ઇશ્કમે આપે જીગરવરદો ધારે.
ચવન આશિકકો દમભર કયું કર હો,
મુસીબત ઝેલી બલાકાર લેલી.
તબીતક ખેલી પટેન ગલે સયલી ભને ઇશ્કકો
પ્રેમ પ્યાસ જબ તુ મદીનો મનહમરી બઓરાઇ.
હીરદે બાન નવનકે લાગે સુધબુધ સબખીસરાઇ,
પ્યારી પ્યારી બતીયાં કરત ઘતીયાં તજોજી છતીયાં

(૬૨)

(ખુબસુરત બલા)

હારે કોઇ જાંકો સિપૈયા લુભાય ગયો.
હાંરે મોરે જીહિયામે સમાયે ગયો,—હારે
તન મન બારા જોબન પ્યારી હબબ વારું જીયરવા.
સૈંયા દિવાની બાબા એકે સોહાયે રીઝાયે ગયો—હારે
કોઉ ઔર કુછ સુઝ નાંહી અયશી ઝલક દીખાયે.
યે બસે નયનમેં મોરે રાખું પલક છુપાયે,
આઅબતો હય ધ્યાન એહી ઉનપર કુરબાન ગઇ.
તન મન ધન વારદઇ છયાલી મોરે મન લુભાય ગયો

(૬૩)

(ખુબસુરત બલા)

હુવે બાઇકાટ મીલા ટીનપાટ ગઇ તેરી મેરી જોરૂજી (૨)
કયશી ડાલીથી લુટ માગે ડાસનકા ખુટ.
કભી લાવે ન સુટ, તો મડમ જાયે રૂઠ.
અયશી બનીથી ફેશનપે લોટ,
મુજે તો મેરી જોરૂને સમજાથા બોટ,
ગઇ ઘરસે બલા, પાપ સરસે ટલા
" અબતો વોહ ટોપી અમ્માના પુરાના વોહ જામા સજા કે
કે કરે ઠાઠ વાટ.

(૬૪)

(ખુબસુરત બલા)

હમકો માફ કરો સાહેબ તુમકો જો કુછ હય કહા.
મુજકો બીલકુલ ઘન ચક્કર ડન્ડેબાજને કીયા,
એશક પાગલેને હમ શબપર મ્હે અંધેર કર દીયા.
ગડબડ ઝાલા સબ ગોંટાલા હુવા ઉજીવાલા,
અંન્દે શાલો મિટ ગયા હર એકયા ભુલા ભુલા કયા.
અબ આયા હય મુદ આ કયાઢી દો બાલા બારીત આલા.

( ૬૫ )

(દાગેહુસરત)

આવો મીયાં બાકે મય ચમ્પી બનાઉ
ચમ્પી બનાઉ મંય પાંઉ દબાઉં
ગરમા ગરમ ચમ્પી રહે નરમા નરમ ચમ્પી
બકરા હજમ ચમ્પી રહે મુરગી ભરમ ચમ્પી
જેશા છયલા મય બના હું વયશી ચમ્પી બનાઉં
શેઠ ગડબડ ગર કુછ કરે ગરદન એં પન્કી દબાઉં
ગલા મરોડ ચમ્પી રહે ખોપરી ફોડ ચમ્પી
પસલીતોડ ચમ્પી રહે ખુનિ ચોર ચમ્પી

( ૬૬ )

ધુપછાંવ

હમને કુછ દેહરકો રમઝાયા મગર કુછભી નહીં
ખાબ દેખાયા ગોયા શબકો સહર કુછભી નહી.
અયફ લકતીરે સીતમ કીસપે તું બરસાયગા અબ
મેરેસીને મે તો દીલહય ન જીગર કુછભી નહીં
જાહેરી હુસ્નપે દુનીયાકે ન જાયગા ફીલ
ગૌરસે દેખ હકીકતમે હુન્નર કુછભી નહી.

[ ૬૭ ]

જુલ્મેંહશી

સૈયા મુઝે હાથો કે કંગન બનાદે
કંગન બનાદે તું પોહોંચી બનાદે—સૈયા
જોતુ કહેગી વોહી સુનુંગા લાઉંગા વોહી મેરી જાન
[ચલો] તેરી કસમ લાઉંગા વોહી મોરી જાન
(દેખા જાઓ જાઓ) લાઉંગા વોહી વોહી મોરીજાન
તઓબા તઓબા તઓબા દેખો છોડો દુટા મેરા હાથ
(ઉઈમર ગઇ હાએ અરે બાપરે)
બાલીભી બનવાદુ તુઝે બુન્દેભી બનવાદુ તુઝે
હંસલીભી બનવાદુ તુઝે કડે છડે દોનો તહરેહાર
(હાં) અએસે ચલું અયહે ફીરૂં ફીરન કરૂંગી તકરાર
(સચ) સબ કુચ્છ હય તઇયાર એક બોસાદીલાદે—સૈયા

( ૬૮ )

(ખુરશીદે ઝરનીગાર)

ધુવેકી ગાડી ઉડાએ લીએ જાય
પચસે કા લોભી ફીરંગી યારે બાબુ
જાત નહીં દેખે જમાત નહી દેખે એક હીમે સબકો મીકાય લીએ જાય
હીન્દુ મુશલમાન ભંગી ચમારશે ટીકીટકે રૂપેંગીનાયલીયે જાય
દીલ્લી શહેરસે ચેલે જો મુસાફીર બંબઇ કલકતા ભગાય લીયે જાય

(૬૯)

(ખુરશીદ ઝરનીગાર)

આલમમે હય ખુબી સારી પયસેકી બાબામાઇ બેટા જોરૂ પ્યારી પયસેકી
જીલ્લત ખારી ઇજજતદારી પયસેકી જહાં દેખો વહાં મારામારી પયસેકી
પયસે લાના જયશે પાના દુ:ખ ઉઠાના સુખ ઉઠાના
સરકટાના જીસેજાના તબહો આના પયસેકા
કયસીખારી ઓલાચારી ખીદમતગારી તાબેદારી.
સઓ.........મકકકારીએ......કમાના...પયસેકા.
અદનાઆલા બનીયા લાલા ગોરાકાલા બચ્ચાવાલા.
દેખા ભાલા સબકો વાલા ઓ દીવાન પયસેકા.
છોટા મોટા સચ્ચી ખોટા શાલુ ગોટા થાલી લોટા.
કુંડી સોટા ............પીના.........ખાના પયસેકા.

(૭૦)

(હરીશ્ચન્દ્ર)

પ્યારા હમારા તું હમે હૈ આગ્યા જાનેકી પ્યારા
ઇશ્વર ઇચ્છા અયશી હય તો લગે કૌન ઉપાય,
ફેર બદાહુંજો મિલના હોતો ફેર મિલૂંગું આય. પ્યારા
પ્યારી હમારી જાન નહીં કલનું ઝબીન પાનેકી,
દોલત સમાન અનધન લક્ષમી તન મન જીવન જાય.
નાર જો તુમશી હો ન્યારી તો કયશે જીનાબાય. પ્યારી
પ્યારા હમારા તું હમે દે આગ્યા જાનેકી.
સનપન જાને, દુન તુમારા દેહૂં અપની જાન.
સત્યપતિ રહી ઓ પીયું પ્યારે બિનતી મેરી માન !–પ્યારા

(૭૧)

(હરીશ્ચન્દ્ર)

રાતયક સપના મયને બદ અય પ્યારે આજ દેખા.—રાત
જોય હુચીમય એક દેશમે. હાય રાજન !
દુર હો જાતે ઉસકા રાજ દેખા, જાતે ઉસકા તાજ દેખા.

લુટ જાતે સબ આજ દેખા, સુખપર પડતે ગાજ દેખા—સપના.
રાજ તારાજ દેખા, તાજ મુદ્ર તાજ દેખા.
રાજ કે રાજાકો આફતમેં અય સરતાજ દેખા,—જા

(૭૨)

(હરીશ્ચન્દ્ર.)

મન મેયલ મીટે તન તેજ બડે દે રંગ બંકા લોટા.
સો રોગ ટલે સો સોગ જલે કરે ભંગ અંગકો મોટા.
જબ તાર જમે બાજાર રમે નવ હાથ બડેજી ખોટા,
તન સાફ મન સાફ હો સાફ આદમી ખોટા...મન,
લે કંદ દુધમે ઘોલા તો ભાંગ બને અલમોલા,
કરપાર ભંગકા ગોલા હરબાર બોલ બમબોલા.
ઉઠભોર નહાકે ગંગ ચઢાલે ભંગ જમાલે રંગ.
નિરાલે ઢંગ દિખાડે જંગી કુંટી સોટા...મન.

(૭૩)

શહીદેનાજ

મેરા દિલતો દિવાના જાન તેરે લિયે
બાલ બાલ ગજ મોતી પીરોઉં
મોરા બાલાશા જો બના તોરેલિયે
નાલશ કહોગે મય કરને નદુંગી
મયને છોડા જમાના જાન તોરે લીયે.

(૭૪)

ખુનેનાહક

માનો માનો માનોરે પ્યારી બતીયાં.
જાજા નાઠી દીખાવે, તું જતીયાં એહ બતીયાં સુરતીયાં
બોસાદે એક ગોરે ગાલકા પ્યારી, જા ન બોસાદે એક ગોરે ગાલકા
ચલ મુએ હટ લુસ દુમન હુસ મુએ
મય જોજાઉં તો પસ્તાયગી દુલ્હા કહા મુજ શા પામગી,
નીકલ નીકલ ઉધર કોન ચલન અબ ચચલહાં

(૭૫)

તેરી રજાપે મય રાજીહું કસમસે
અબ ન સતા મુઝે દામો દોરમસે તેરી
ચાંદાસે ચસાજા કહી કોર કમલે
બાકી જો જર હય ભેજ દુંગી દમલે.........તેરી

(૭૬)

(જુલ્મે જ્હુશી)

લાદું તુઝે મોતી આલા લાખકા, જાની લાખકા
બંગડી આરસી છપકાબી આલા કાનોમે બાલા લાખકા—લાદું
હાથકા કંગન વીજલી છલ્લા બાલી લાગતું અ એ જાન બીછવા
પગોરમમોં પાએલ જડા ઉઝુનકા ચંપાકલી જંનજી રજાની—લાદું

(૭૭)

ધન્તેકામ

સખર્યાં મેરી માનલે મયતો હારી વારી–સખર્યાં
ધ્નતી બીનતી કજાસે મય સમજા રહી.
મેરી માનલે સયતે હારીવારી.
કાલી કાલી ઘટા નવા રંગ દીખલા રહી,
ચાલો સખીસે જરીયાપે બીજલી ડરારહી–માનલે

૭૮

અસીરેહીર્સ

ચલતી ચપળા ચંચલ ચાલ સુંન્દરીયા અલબેલી,
જોબન રસમાતી ડોલે બયશાન અનેરત રસ ધોલે,
સંગમાં બબ મંડલ ખેલી આલી.
એકતો નયના મદ ભરે દુજે અજબ નાર,
એ ભેરી કાંધ દેતહય મતવારા બીહતીયાર,
અહાના શાનો વાલી ઓહોહો બોલી ભાલી,
નય મેલ સીહય નામ અબેલી,

(૭૯)

અસીરૈહીસ<br>

મજાહ દેતે હય ક્યા યાર તેરે બાલ ઘુંઘરવાલે.
પહલેથી મુઝ એ તકરાર અબ તું કયું કરતી હય પ્યાર,
અબ તેરી તરફસે યાર મેરે દીલમે પડ ગયે છાલે.
નીકલી મેરે દીલસે આહા જાતાથા વોહ રરકેમાહ,
દેખા દુશ્મનકે હમરાહ દોનો હાથ ઘલેમે ડાલે.
તેરી ભવેં હય યા શમશીર તેરી ચીતવન હય યા તીર
હય આંખુ ખુને બેપીર યા હર જહર ભરેદો પ્યાલે
કોઇ દમકા હું મેહમાત એક નજર દેખરભીજાન,
તેરી આંખોકે કુરબાન ઓહ મુંહ ફેર કે જાને વાલે.

૮૦

મીઠા જહેર.

મેરી ફુલતી ફુલતી જોબન ડાલ રખ્ખુંગી કયસી સંભાલકે.
એ જવાની નિવાની આ ગઇ કહાં રખ્ખું મય ધરકે સંભાલકે,
યહાં જોબન કોહમલે બિરાલે વહાં કંગનને પાંઉ નિકાલે.
પડે દો દો મુસીબતસે પાલે,
ઉસે તલ્લાશ કરને જાઉં તો ધરકો રખ્ખુંગી કયસે સંભાલકે-મેરી,

(૮૧)

(નંદ બત્રીસી)

આરપના સમ સંસાર સમજી ઇચોને શાણા
દુર્લભ માનવ અવતાર જવની માહી એ રાણા
બાળપણુ રમતા ગુમાવે જુવાનીમાં લંપટપણુ ભાવે
વૃધ્ધપણાએ જીવ લોભે તણાએ રટે નહી કીરતારરે
મરણ શ્વાસ જવ ચાલું થાએ કૃત્ય ડાં નજરે ઉભરાયે
પીડાય ભારે પરતાય પાપી ત્યારે આંસુ વડે ચોધારરે

(૮૨)

(નંદ બત્રીસી)

મન ભુલાવે મન લોભાવે મન ચકડોળે ચડાવેજી
શુધ્ધ પવિત્ર નિરમળ આત્મા કાદવે રાગ ડોળાવેજી,
જોવાનું નવ દે જોવા નહી જોવાનું તે બતાવેજી
અમૃત મુકી વિષયને વળગે નરક મહી લોભાવેજી
વારૂ વનીતા વિશ્વ મહી છે. કોઇ ગોરી કોઇ કાળીજી
ત્રપતીએ સંતોષ મહી નથી સુખકાર ક્ષ્ધા વાલીજી—મન

(૮૩)

નંદ બત્રીશી

ગંગા જળ નિરમળ સનુ શુધ્ધ પ્રવિત્રજ સાર
તેવું કુળજો માહરૂ (તો) પડપાસા પોબાર
હંસ ગયો સરોવર તીરે દીઠું અમૃત સાર
પીધા વિણુ પાછો ફર્યો (તો) પડપાસા પોબાર
સત્ય ચુકે જો સાધવી ધરા ન ઝીલે ભાર
તે ગુણ હોયે મુજ મહીં (તો) પડપાસો બાર
નાગ મુખે અમૃત ઝરણુ ચોર કને ભંડાર
કામીયા શરહે કામીની (તો) પડપાસો પોબાર
મીઠો આંબો સરવદા ઉત્તમ ફળ દે સાર
તેવું કુળજો માહરૂં (તો) પડપાસા પોબાર
વિમળ કમળ વીલોકીને ભ્રમર ગયો તે ઠાર
દીઠું પણ અડકયો નહી (તો) પડ પાસાપોબાર
અહલ્યા સીતા દ્રોપતી, સતી ખરી નિરધાર.
તેવું ચિત્ત જો માહરૂં (તો) પડ પાસા પોબાર,
ભુખ્યા આગળ જો ધરે ઉત્તમ ભોજનસાર.
ખાધા વિણ ઉઠે નહિ. (તો) પડપાસા પોબાર.

(૮૪)

નવલ-કુસુમ

કોઇનું કર્યું કાંઇ થાય નહી, કે કર્મ સહુ કરનાર કોઇ.
કર્મ સહુ કરનાર ન કોઇથી, કર્મ કહી કરનાર.—કાંઇ

કર્મ કાળજે પુર્વ જનમનાં દીધાં જમે થનાર,
દીધાં તેવાં લેવાં પાછાં. એજ કરમ વ્યહવાર—કોઇ
જમે કરાવ્યા હશે કાંકરાં, મણી નથી મળનાર
જમે મણી તો વિશ્વ ધણીથી, ટાળ્યા નથી ટળનાર–કોઇ.

(૮૫)

કામલતા

દિલ મારૂં માને નહી, મનડું ઠરે નહિ, ત્યારે કરૂં શું તાતજી.
મેં જોયું ફરી ફરી, જોડી મળે નહિ, કોને વરૂં હું તાતજી.
પ્રીતી ઝળકી હતી, અહી આવતાજ સમાઇ ગઇ.
ઉર્મી અંતર ઉછળી હતી, નૃપ દેખતાંજ દબાઇ ગઇ.
હીરલો અમૂલ્ય ખરીદવા, ઉમંગભર આવી અહી.
પણ અંતરે અંકુર ન ફુટીયાં, પ્રીતી પ્રકટાવી નહિ.
છતી આંખે, દીવો લઇને, પડી કુવામાં હું ડુબી મર શું, તાતજી-દિલ

(૮૬)

કામલતા.

વાટ જુવે છે વેહાલી રતીકવર, રજા અમે તો લઇશું બા.
પ્રેમ ગુંથણી ગુંથો છતા, દૂર અમે તો થઇશું બા.
—મને એકલી મુકને તમે જાઓ ના.
—થશો એકલાં તમે ત્યાં જાઓ બા
—મને લાગે છે બ્હીક; -બધું ઠીક છે ઠીક.=એમ કેમ
—ખાલી કરો પતરાજી; અમે જઇએ એમાં રાજી.
—છતાં કરો છો સહાઇ છોડો જાસુંદ મેલાઇ-
—હવે આવજો બા ? સખી તું ! હા આવજો
અલી તું, હા આવજો બા, કરો અમન ચમન.
હમે જઇશું બા..................વાટ.

(૮૭)

(પ્રતાપ રાજસીંહ)

મતમા ગોથા ખાઇ મુરખનર, નરભવ શીદ ગમાવેજી,
માત તાત સુત બાંધવ વનિતા, તે કો સાથ ન આવેજી

હિરા કોડી વ્હારે વાંદર, કાંચ તું અહેવા ધાયજી
કોઠનાં કાંઠા લખીયાં કરમે, મોદક કયાંથી ખાયેજી
અંગતે પુલસે ભરી જડ, ચાસે ચાલતું ગજનીજી
કાળ સપાટે પડીશ ઝપાટે, અમ્રત સુત પ્રભુ ભજનેજી

(૮૮)

પ્રતાપી રાજસીંહ

તમે વીઠલ વહેલા વળજ્યોરે, પામર જાણી
વીનતડી ઉરે ધરજ્યોરે, પ્રીતમ પ્રાણી.
ગાય બીચારી રાંકડી, ને કસાઇ ચાંડે સાર
પલકમાં પાપી પ્રાણ લેશે. કોણ સુણે પોકારરે--તમે
પાંચ્યાળી પ્રભુ પડી પાસનાં દુષ્ટ કૌરવ દરબાર,
તમવીણ સઘળા જાતની આ કોણ કરીસે વ્હારરે

(૮૯)

અશ્રુમતી

જપતી પ્રીતમની જપમાળ, જુવતી જો અલબેલી,
જોબન રસરંગે, જોની આ બની ઘેલી
વ્યાકુળ વૃક્ષના વિણ વ્હાલી વેલ
તન મનમાં વ્યાપી રહયો, જોબન વસંત જંગ
રસ ભોગી રસીયાં વિના રમણી કયાં રસરંગ,
જાણ્યું ન જડીયો કોઇ રસીયો રંગીલો
ચપ ચપ કરતા, કરતાં, ચેતી જાતું ચન્ને શ્રી વ્યા
બળતાંને બાળી સમી, હેડે સું દરખાય,
આહાં અકળાયે શાની છેડ છબીલી—વ્યા

(૯૦)

અશ્રુમતી

શું માયા અજબ હરીની. નહિં નિત્ય નમે મોટાઇ
નથી ખબર એક ધડીની, પાર રહે પસ્તાઈ.
કાળે ચોપટ બાજી બીછાવી, માંડી જીવ સોગઠીયો લાવી.
દે દુઃખ સુખ પાસે ખેલાવી—
નરવાનર ખાલી ભડકી મરે હું પદમાં ચરડાઇ—

(૫૧)

(અશ્રુમતી)

મારાં હૈયા કેરાં હાર, નજર કયાં આવશેરે,
મારાં નાજુક શુકની બાળ, અરે કોઇ લાવશેરે–
લલિત વચનની લેહ એક લાગી, સુંદર વરણુથી પ્રીત જાગી.
ચતુર સુજાણુથી, મેળવી વિયોગ, વળાવશેરે–
માંગ્યાં મુકતાફળ આપીશ, દેવ ગણી દીલ પીંજર સ્થાપીશ.
હાજર હરનીશ રહી, ચરણુ તુમ ચાંપશેરે–
કનક કાયાનું પીંજર કરશું, હાવ ભાવ રત્નેથી જડશું.
પોપટ પગમાં પલક કરો. રશ ભાવશેરે,

(૫૨)

(અશ્રુમતી)

ઓ મારી રંગીલી દરજણુ. દરજણુ ગુલાબનો ગોટોરે.
..................તારો જગમાં જડેના જોટો.
ખવરાવું પીવરાવું હાથમાં નચાવું, વાળે રખે તું ગડબડ ગોટોરે.
લાડી લુહીને પરન્યો પરાણે, નથી હું માતબર મોટો.
એ મારે તો જોઇશે, શીરો પુરીને સાથે સાત વાના હંઅં.
અરે અહીં તો મળશે રોટલો ને ડુંગરી, શીરા પુરીના તો ટાણાં અંહ.

(૫૩)

### સંસારી સાવીત્રી

હાય ગરીબી તણી જે પીડા, અમીર શું જાણે. (૨)
ઝળ, ઝળ, ઝળ, બળે, મુજ મનમાં એ નીજ મનમાં કાંઇ નવ આણે.
